# આજે ગાંધીનગરનું ગોલ્ડ બજાર છલકાશે

## દાયકાઓના અંતે આવતા ગુરૂપુષ્યામૃત સિધ્ધિ યોગના શુભ મુહુર્તોમાં અંદાજિત ૪ કરોડની જવેલરીનું વેચાણ થવાની સંભાવના

ગાંધીનગર, તા.૧૫

આજે ગુરુ પુષ્યામૃત સિધ્ધિ યોગના શુભ સંજોગ હોવાથી સોનાની ખરીદી માટે અત્યંત શ્રેષ્ઠ સમય હોવાનું મનાઈ રહ્યું છે. દાયકાઓના અંતે ગ્રહો અને નક્ષત્રોની શ્રેષ્ઠ યુતિ રચાવાની સાથે રાજયોગ અને ગજકેસરી યોગનો પણ ઉચ્ચતમ સંયોગ હોવાનું જયોતિષ વિદો જણાવી રહ્યા છે. જેના પરિણામે ગાંધીનગરના ગોલ્ડ બજારમાં પણ ગુરુવારે ગરમાવો જોવા મળશે. શહેરના જવેલરી બજારમાં આજે વિશેષ ઉત્સાહ અને ભીડ ભાડ જોવા મળશે. ગુરુ પુષ્યામૃતના શુભ મુહુર્તમાં સોનું-ચાંદી ખરીદવા નાગરિકોમાં વિશેષ ઉત્સાહ પ્રવર્ત્યો છે. ત્યારે જવેલરી શોપ્સમાં પણ ગ્રાહકોને ડીમાન્ડ સંતોષવા પૂરતી તૈયારીઓ કરી દેવાઈ છે.

ગાંધીનગરમાં જ અંદાજિત ૧૦૦ જેટલી સોના-ચાંદીની દુકાનો ધમધમે છે. જયારે ગુરુ પુષ્યામૃતના શુભ દિવસે જ નગરજનો અંદાજિત રૂ. ૪ કરોડનું સોનું ચાંદી ખરીદે તેવી સંભાવના છે.

તા. ૧૬ ઓકટોબરના રોજ ગ્રહો અને નક્ષત્રોની શ્રેષ્ઠ યુતિના લીધે ગુરુ પુષ્યામૃત સિધ્ધિ યોગનો શુભ સમન્વય રચાશે. રાજયોગ અને ગજકેસરીયોગના સંયોગના લીધે આ દિવસનું મહત્વ મુહુર્તની દૃષ્ટિએ પણ વિશેષ હોવાનું મનાઈ રહ્યું છે. જયારે આ દિવસે સુવર્ણની ખરીદી કરવાનું પણ વિશેષ મહત્વ હોવાથી નગરજનોની મીટ નગરની જવેલરી શોપ્સ તરફ મંડરાઈ છે. ગુરૂપુષ્યામૃતમાં સરસ્વતિ તેમજ લક્ષ્મી પૂજન ઉપરાંત સોનાની ખરીદી માટે અત્યંત શ્રેષ્ઠ મુહુર્તોના લીધે શહેરના ગોલ્ડ બજારમાં તેજીનો માહોલ જોવા મળશે. શહેરમાં અંદાજિત ૧૦૦ જેટલી નાની મોટી સોના ચાંદીની દુકાનો છે.જયારે દિવાળીના તહેવારો દરમિયાન પણ જવેલરી બજારમાં

● અનુસંધાન પાન-૭ પર



## આજે ગ્રહો અને નક્ષત્રોની શ્રેષ્ઠ યુતિ થકી ગુરૂ પુષ્યામૃત સિધ્ધિ યોગનો શુભ સંજોગ

### સરસ્વતી અને લક્ષ્મીપૂજન, ચોપડા તથા સુવર્ણની ખરીદી માટે અતિ ઉત્તમ દિવસ સાથે શ્રેષ્ઠ મુહૂર્તો

ગાંધીનગર, તા. ૧૫

હિન્દુ પંચાંગ અનુસાર સંવત ૨૦૭૦ ના આસો વદ આઠમને ગુરૂવારના રોજ ગ્રહો અને નક્ષત્રોની શ્રેષ્ઠ યુતિ રચાશે જેનાથી ગુરૂ પુષ્યામૃત સિદ્ધિ યોગનો શુભ સંજોગ સર્જાયો છે. યોગાનુયોગ આજે રાજયોગ અને ગજકેસરી યોગનો પણ સંયોગ ઉભો થયો છે. ઘણા વર્ષો પછી સર્જાયેલી આ શ્રેષ્ઠ સ્થિતિ પૃથ્વી ઉપર શુભ અને લાભ કરાવશે તેમજ આજે સરસ્વતિ અને લક્ષ્મીપૂજન, ચોપડા તથા સુવર્ણની ખરીદી માટે અતિ ઉત્તમ અને ફળદાયી પરિણામ પુરા પાડશે.

સંવત ૨૦૭૦ નું પ્રકાશપર્વ દિપાવલી તદ્દન નજીકના સમયમાં આગમન કરનાર છે. તે પૂર્વે આજે ગુરૂવારના રોજ ગુરૂપુષ્યામૃત સિદ્ધિ યોગ સર્જાયો છે. આસો વદ આઠમની તિથિ, ગુરૂવાર, શ્રેષ્ઠ નક્ષત્ર અને ગ્રહોના રાજા ગુરૂ અને ચંદ્રની એક વિશેષ યુતિ ઉભી થઈ છે. જે શાસ્ત્રો મુજબ સદીમાં એકવાર ઉભો થતો સંજોગ ગણાય છે અને તેના થકી ગુરૂ પુષ્યામૃત સિદ્ધિયોગ સાથે રાજયોગ અને ગજકેસરી યોગનો ઉત્તમ સમન્વય થયો છે.

શાસ્ત્રી ભરતભાઈ કે. જણાવે છે કે, હિંદુ પંચાંગ અનુસાર આવો સંજોગ દુર્લભ હોય છે જે આજે સર્જાયો છે. જેમાં સરસ્વતી અને લક્ષ્મીપૂજન, ચોપડા ખરીદવા તથા પીળીધાતુ એટલે કે સુવર્ણ ખરીદી માટેનો શ્રેષ્ઠ સમય શ્રેષ્ઠ મુહૂર્તોમાં આવ્યો છે. આજે સવારે ૧૧ થી ૩.૦૦ શુભકાર્યો માટે લાભદાયી અને ફળદાયી મુહૂર્તો છે. જેમાં ૧૨.૨૦ થી ૧૨.૪૫ વિજય મુહૂર્ત અને અભિજિત મુહૂર્ત છે. વળી દિવસ દરમ્યાનના ચોઘડીયા શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ અને શુભ છે જેમાં સુર્યોદય સવારે ૬.૩૮ મિનિટે થશે. સંવત ૨૦૭૦ની અને સદીમાં કુદરતની આ પરિક્રમા દરમ્યાન સર્જાયેલી આ શ્રેષ્ઠ પળને દરેકે મેળવી તેનો સદપયોગ કરવો જોઈએ તેવું તેઓ જણાવી રહ્યા છે.

દિપાવલી પર્વના આગમન પૂર્વે ગ્રહો અને નક્ષત્રોની સ્થિતિ આવનારા દિવસો માટે શુભ સંકેત આપે છે. આજે અશ્વીની પૂનવર્સુ, પુષ્ય, અનુરાધા અને રેવતી નક્ષત્રો હોવાથી દરેક કાર્યોમાં સફળતા અને લાભ દરેક રાશીના જાતકો માટે બને છે. આમ આજના દિવસે ઉત્તમ ખરીદી તેમજ કાર્યસિદ્ધિનો યોગ સૌને ઉત્તમ પરિણામ પ્રાપ્ત કરાવશે.

## ગાંધીનગરાઓ આ વર્ષે દિવાળીમાં દક્ષિણ તરફ

### જમ્મુ-કાશ્મીરમાં આ વર્ષે સર્જાયેલી પુરની પરિસ્થિતિ બાદ અહીંના સંખ્યાબંધ બુકીંગ કેન્સલ થયા : ગોવા-કેરાલા પર્યટકોમાં ખુબ લોકપ્રિય

ગાંધીનગર, તા. ૧૫

હરવા-ફરવા માટેનો શ્રેષ્ઠ ગાળો ગણાતા દિવાળી વેકેશનમાં આ વર્ષે દક્ષિણ ભારત સહિત ગોવા-કેરાલાનો જબરજસ્ત ક્રેઝ જોવા મળી રહ્યો છે. રેલવેનું બુકીંગ તો ક્યારનુય ફુલ થઈ ગયું છે. હવે છેલ્લી ઘડીએ ટ્રાવેલ એજન્સીવાળાઓ ઉંચુ ભાડુ લઈ બુકીંગ કરી રહ્યા છે.

દિવાળી વેકેશનનો સમયગાળો એટલે મોજમજા અને માત્ર હરવુ-ફરવુ. ઘણા તો ત્રણ-ચાર મહિના પહેલાથી જ દિવાળી વેકેશનમાં ક્યાં ફરવા જઈશું તેનો પ્લાન બનાવી લેતા હોય છે. જ્યારે ઘણા છેલ્લી ઘડીએ પ્લાન બનાવતા હોય છે. વેકેશનમાં વતનમાં જવાનું ચલણ હવે સાવ ઓછુ થઈ ગયું છે. દિવાળીની રજાઓ પડે એટલે મોટા ભાગના લોકો નાની-મોટી ટ્રીપ ગોઠવી ફરવા ઉપડી જાય છે. આ વર્ષે જમ્મુ-કાશ્મીરમાં આવેલા ભયંકર પુરની અસર હેઠળ આ વર્ષે જમ્મુ-કાશ્મીરની હાલત ખુબ ખરાબ છે. હજુ પણ ઘણા વિસ્તારોમાં પુરના પાણી જોવા મળી રહ્યા છે. તો ઘણા વિસ્તારોમાં પાણીજન્ય રોગચાળાનો ભય છે. જેના કારણે દિવાળી વેકેશનમાં જમ્મુ-કાશ્મીર અને ઉત્તર ભારત તરફ ફરવા જવાને બદલે ગાંધીનગરાઓ ગોવા, કેરાલા સહિત દક્ષિણ ભારત તરફ ફરવા જવાનો ક્રેજ રહ્યો છે. ટ્રેનોમાં બુકીંગ ફુલ થઈ જતા હવે ખાનગી ટ્રાવેલ્સવાળાઓ અને પેકેજડ ટુર વાળાઓએ બુકીંગ શરૂ કર્યું છે. આ વર્ષે કેરાલામાં દારૂબંધીનો અમલ થયો હોવા છતાં પ્રકૃતિ પ્રેમીઓ કેરાલા જવાનુ વધુ પસંદ કરી રહ્યા છે. ગોવા, કેરાલા તરફ વધુ ધસારો રહેતા સ્વાભાવિક પણે જ અહીંનું ભાડુ વધવા માંડ્યું છે. ગયા વર્ષે ખાનગી ટ્રાવેલ્સવાળાઓ લકઝરીનું ગોવાનું ભાડુ રૂ. ૧૮૦૦ થી ૨૦૦૦ વસુલી રહ્યા છે. જેની સામે આ વર્ષે ૨૦૦૦ થી ૩૦૦ રૂ.નું ભાડુ વસુલવામાં આવી રહ્યું છે. જ્યારે પ્લેનનું ભાડી રીટર્ન ટિકિટ સાથેનો ભાવ રૂ. ૨૦ થી ૨૫ હજાર જેટલુ બોલાઈ રહ્યું છે. છેલ્લી ઘડીએ બુકીંગ કરાવનારાઓ પાસેથી મોંઘુ ભાડી વસુલવામાં આવી રહ્યું છે.

જ્યારે વિદેશ પ્રવાસમાં આ વર્ષે રાજકીય વિવાદોને કારણે હોંગકોંગની પસંદગી ઓછી કરવામાં આવી રહી છે. તેના સ્થાને ઈન્ડોનેશિયા, બાલી અને દુબાઈ જનારાઓની સંખ્યા વધુ રહી છે.

ગુજરાતમાં સ્થાનિક સ્તરે દીવ, જૂનાગઢ, દ્વારકા, સોમનાથ, ગીર જેવા સ્થળો હંમેશની માફક હોટ ફેવરીટ રહ્યા છે.

## વર્ષ-૨૦૧૫ની સરકારી રજાઓ

ગુજરાત સરકાર દ્વારા વર્ષ-૨૦૧૫ દરમિયાન સરકારી કચેરીઓ માટે જાહેર કરેલ રજાઓની યાદી

| | | |
|---|---|---|
| મકરસંક્રાંતિ | ૧૪મી જાન્યુઆરી | બુધવાર |
| પ્રજાસત્તાક દિન | ૨૬મી જાન્યુઆરી | સોમવાર |
| મહા શિવરાત્રી | ૧૭મી ફેબ્રુઆરી | મંગળવાર |
| હોળી બીજો દિવસ(ધુળેટી) | ૬ઠ્ઠી માર્ચ | શુક્રવાર |
| ચેટીચાંદ | ૨૧મી માર્ચ | શનિવાર |
| રામ નવમી | ૨૮મી માર્ચ | શનિવાર |
| મહાવીર જયંતિ | ૨જી એપ્રિલ | ગુરૂવાર |
| ગુડ ફ્રાઈડે | ૩જી એપ્રિલ | શુક્રવાર |
| ડૉ. આંબેડકરનો જન્મદિન | ૧૪મી એપ્રિલ | મંગળવાર |
| પરશુરામ જયંતિ | ૨૦મી એપ્રિલ | સોમવાર |
| રમઝાન ઈદ(ઈદ-ઉલ-ફિત્ર) | ૧૮મી જુલાઈ | શનિવાર |
| સ્વાતંત્ર દિન | ૧૫મી ઓગસ્ટ | શનિવાર |
| પારસી નૂતન વર્ષ દિન | ૧૮મી ઓગષ્ટ | મંગળવાર |
| રક્ષાબંધન | ૨૯મી ઓગષ્ટ | શનિવાર |
| જન્માષ્ટમી | ૫મી સપ્ટેમ્બર | શનિવાર |
| સંવત્સરી | ૧૭મી સપ્ટેમ્બર | ગુરૂવાર |
| બકરી ઈદ | ૨૫મી સપ્ટેમ્બર | શુક્રવાર |
| મહાત્મા ગાંધીનો જન્મદિન | ૨જી ઓક્ટોબર | શુક્રવાર |
| દશેરા | ૨૨મી ઓક્ટોબર | ગુરૂવાર |
| મહોરમ | ૨૪મી ઓક્ટોબર | શનિવાર |
| વલ્લભભાઈ પટેલનો જન્મદિન | ૩૧મી ઓક્ટોબર | શનિવાર |
| દિવાળી | ૧૧મી નવેમ્બર | બુધવાર |
| નૂતન વર્ષ દિન | ૧૨મી નવેમ્બર | ગુરૂવાર |
| ભાઈબીજ | ૧૩મી નવેમ્બર | શુક્રવાર |
| ગુરૂનાનક જયંતિ | ૨૫મી નવેમ્બર | બુધવાર |
| ઈદ-એ-મિલાદ-ઉન્નબી | ૨૪મી ડીસેમ્બર | ગુરૂવાર |
| નાતાલ | ૨૫મી ડિસેમ્બર | શુક્રવાર |

## રાજપૂત સમાજ દ્વારા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આસિસ્ટન્ટ અને ક્લાર્કની પરીક્ષા અંગેની માર્ગદર્શન શીબીરનું આયોજન

શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ, ગાંધીનગર સંચાલિત તથા શ્રી રાજપૂત સમાજ ગાંધીનગરના સહયોગથી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા બિનસચિવાલય ક્લાર્ક તથા સચિવાલય માટે ઓફીસ આસિસ્ટન્ટ વર્ગ-૩ની જગ્યાઓની ભરતી અંગે ૨૨ દિવસની માર્ગદર્શન શીબીરનું તા. ૩/૧૧/૨૦૧૪ના રોજથી બ્લોક નં. ૧૪૬/૪ 'ચ' ટાઈપ, સેક્ટર-૧૭, ગાંધીનગર, ફોન નં. ૦૭૯-૨૩૨૨૬૪૪૪ તથા ૦૭૯-૨૩૨૩૮૭૭૮ ના સ્થળ ઉપર સમય સવારે ૯-૦૦ કલાકેથી શરૂ કરવા આયોજન કરેલ છે. જેમાં ભાગ લેવા ઈચ્છતા તમામ રાજપૂત પરીક્ષાર્થીઓએ તા. ૩૧/૧૦/૨૦૧૪ સુધી ઉપર જણાવેલ ફોન નંબર ઉપર સંપર્ક કરીને ફી બાબતે નામ, સરનામાની વિગત જણાવી રજીસ્ટ્રેશન કરાવી લેવું. જ્યારે તા. ૩૧/૧૧/૨૦૧૪ના રેજ સ્થળ ઉપર જ ફોર્મ અને ફી ભરવાની રહેશે. પરીક્ષાર્થીએ રહેવાની અને જમવાની જાતે વ્યવસ્થા કરવાની છે. આ રોજગારલક્ષી શીબીરમાં ભાગ લેવા માટે ગામ, તાલુકા અને જીલ્લામાં વસતા તમામ પરીક્ષાર્થીને જાણ કરવા માટે રાજપૂત સમાજની તમામ સંસ્થાઓ, સંગઠનો, આગેવાનોએ જાણ કરવા અને મોબાઈલ, ઈન્ટરનેટ, વૉટ્સએપ અને એસ.એમ.એસ. દ્વારા બહોળી પ્રસિદ્ધિ કરવા માટે અને વધારેમાં વધારે રાજપૂત સમાજના પરીક્ષાર્થીઓ આ શીબીરમાં ભાગ લે તે માટે સાથ અને સહકાર આપવા નમ્ર અપીલ કરીએ છીએ...

લી.

**કરણસિંહ બી. વાઘેલા**
પ્રમુખ, શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર

## ધોળાકુવાના રામદેવનગરમાં પાણીનો કકળાટ

ગાંધીનગર, તા.૧૫

શહેરી વિસ્તારના ગામોમાં પાણીની સમસ્યા પેચીદી બની છે. એક બાજુ ગ્રામ્ય વિસ્તારની ટોપોગ્રાફીને લઈ તંત્ર દ્વારા પાણી ગટરના કામને યોગ્ય રીતે પૂર્ણ કરવાનું મુશ્કેલ બન્યું હોવાનો સૂર પણ અગાઉ ઉઠવા પામ્યો હતો. ધોળાકુવામાં પણ ઘણા સમયથી પાણીની પોકાર ઉઠવા પામી છે. રામદેવનગર વાસમાં પાણી ન આવતા રહીશોમાં રોષ ભભૂકયો છે.

શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં દાયકાઓના અંતે પણ પાયાની સુવિધાઓનો અભાવ વર્તાઈ રહ્યો છે. જેમાં પાણી, ગટર લાઈનની કામગીરી અન્વયે હજુ પણ પુરતી સુવિધાઓનો અભાવ વર્તાય છે. બોરીજની જેમ ધોળાકુવામાં પણ વિવિધ વાસમાં પાણી ન આવતું હોવાની પોકાર ઉઠવા પામી છે. છેલ્લા ઘણા સમયથી રામદેવનગર વાસમાં પાણી ન આવતા સ્થાનિક રહીશોએ પારાવાર હાલાકી વેઠવી પડે છે. જયારે પાણી મેળવવા માટે દુર સુધી લાંબા થવું પડતું હોવાની પણ બૂમ ઉઠવા પામી છે. બોરીજમાં નવો બોર બનાવવાના કામને મંજુરી આપી દેવાઈ છે. જયારે ઈન્દ્રોડા અને ધોળાકુવા ગામમાં પણ પાણીની પોકાર ડામવા નવો બોર બનાવવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ધોળાકુવામાં પાણીની સમસ્યા હલ કરવા ટાંકી, અન્ડરગ્રાઉન્ડ સંપ તેમજ બોર બનાવવા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. બીજી તરફ હાલ આ પાણીની જરૂરીયાત સંતોષવા જરુરી પગલા લેવાય તેવી માંગ ગ્રામજનોએ ઉઠાવી છે.

## રાજ્યની તમામ કોર્ટસ કેમ્પસમાં વકીલ મંડળો દ્વારા સ્વચ્છતા અભિયાન યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

મહાત્મા ગાંધીજીના સ્વચ્છ ભારતના સપનાને ચરિતાર્થ કરવા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત તા. ૧૬મી ઓક્ટોબરના રોજ રાજ્યની તમામ કોર્ટસ કેમ્પસમાં સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ યોજાશે, એમ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેનની યાદીમાં જણાવાયું છે.


બાર કાઉન્સિલ ઓફ ગુજરાતે ગુજરાતના તમામ વકીલ મંડળોને તા. ૧૬-૧૦-૨૦૨૪ ના રોજ સમગ્ર રાજ્યની કોર્ટોમાં સવારે ૧૦.૦૦ થી ૧૧.૦૦ અથવા બપોરે ૨.૦૦ થી ૩.૦૦ જે તે અનુકુળ સમયે વકીલ મંડળના વકીલ મિત્રો, કોર્ટ કર્મચારીઓ સાથે રાખી જ્યુડિશીયલ ઓફિસરશ્રીઓના માર્ગદર્શન હેઠળ સફાઈ અભિયાન હાથ ધરવા વિનંતી કરી છે. તદ્અનુસાર જિલ્લા કોર્ટ, તાલુકા કોર્ટસ, લેબર કોટ્ર્સ, બોર્ડ ઓફ નોમિનીઝ કોર્ટસ, સેલ્સટેક્ષ/ઈન્કમટેક્ષ બાર એસોસીયેશન, ફેમીલી કોર્ટમાં સ્વચ્છતા અભિયાનો હાથ ધરવામાં આવશે.


સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ સંચાલિત

ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર

| | |
|---|---|
| ગુજરાત ખાદી | ૨૫ % વળતર |
| ગુજરાત ખાદી તૈયાર કપડાં | ૨૫ % વળતર |
| પરપ્રાંત ખાદી | ૧૫ % વળતર |
| પરપ્રાંત ખાદી તૈયાર કપડાં | ૧૫ % વળતર |
| રેશમ ખાદી | ૧૫ % વળતર |

વ્હાઈટ મેટલ મૂર્તિઓ, ઓક્સોડાઈઝ બેંગલ બોક્ષ, બાજઠ, ચંપલો, ગ્રામોદ્યોગના સાબુ, તલ તેલ, અનાજ, કઠોળ તેમજ ઘઉં, બાજરી, મઠ, અડદનો લોટ અને સરકારશ્રી દ્વારા માન્ય સ્ટીલ તેમજ વુડન ફર્નિચર ખરીદવાનું સ્થળ



ખાદી ગ્રામોદ્યોગ ભવન
સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૩૩૩

ખાદી ગ્રામોદ્યોગ ભવન
સ્વામી વિવેકાનંદ બજાર, કિર્તિધામ સામે, વાવોલ

ગૃહ વસ્તુ ભંડાર
સેક્ટર-૧૬, ગાંધીનગર. ફોન નં. ૨૩૨૨૨૭૬૧

સમય : ૧૦-૩૦ થી ૭-૩૦ ● રીશેષ : ૨-૩૦ થી ૩-૩૦

નોંધ : ત્રણે કેન્દ્રો તા.૧/૧૦/૨૦૧૪ થી ૨૩/૧૦/૨૦૧૪ સુધી વેચાણ ચાલુ રહેશે.



ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં ખાસ વળતર

શ્રી યોગીકૃપા ખાદી ગ્રામોદ્યોગ વિકાસ સંઘ, મોડાસા દ્વારા સંચાલિત

યોગીકૃપા ખાદી ભવન ગાંધીનગર

ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર

| | |
|---|---|
| ગુજરાત સુતી ખાદી | ૨૫% વળતર |
| પોલીવસ્ત્ર ખાદી | ૨૫% વળતર |
| પરપ્રાન્ત ખાદી | ૧૫% વળતર |
| રેશમ ખાદી | ૧૫% વળતર |
| ગરમ ખાદી | ૧૫% વળતર |

અમારે ત્યાં શેત્રંજી, આસન, આસનપટ્ટા, નાહવાના રૂમાલ, હાથરૂમાલ, બેડશીટ, પીલોકવર, ચોરસ ગાદી, તૈયાર લેંઘા, ઝભ્ભા, સદરા, સુતરાઉ ખાદી, પોલીવસ્ત્ર ખાદી, ગરમ ખાદી અને ગ્રામોદ્યોગ સાબુ, લિમડા સાબુ તથા સરકારશ્રી દ્વારા માન્ય ફર્નિચર મળશે.

સંસ્થાના અન્ય કેન્દ્રો : ● ગ્રામોદ્યોગ ગાંધી હાટ, સ્ટેશન રોડ, મોડાસા ● યોગીકૃપા ખાદી ભંડાર - સ્ટેશન રોડ, મેઘરજ ● યોગીકૃપા ખાદી ભંડાર - આકાર કોમ્પલેક્ષ, ભિલોડા ● અંબિકા ખાદી ભવન, પૂર્ણિમા કોમ્પલેક્ષ, અંબાજી

● પ્રમુખશ્રી - ઉષાબેન કે. ત્રિવેદી ● મંત્રીશ્રી - ધરમેન્દ્ર સી. યોગી
● વ્યવસ્થાપક - જશવંત સી. યોગી

નોંધ : તા. ૨/૧૦/૧૪ થી તા. ૩૧/૩/૧૫ સુધી વળતરનો લાભ આપવામાં આવશે.



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯



SANGHI CEMENT | KisaN | ashirvad C. PVC, UPVC | VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS | DR.FIXIT | TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com